# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

*****************************************************

1. ISROએ પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહનું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કર્યું - પ્રધાનમંત્રી અને સંરક્ષણ મંત્રીએ ISROને અભિનંદન પાઠવ્યા.
2. સર્વોચ્ચ અદાલતની યજમાનીમાં બ્રિક્સ ચીફ જસ્ટિસ ફોરમનો નવી દિલ્હીમાં પ્રારંભ.
3. ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં પૂરની સ્થિતિ વચ્ચે રાહત-બચાવ માટે તંત્ર ખડેપગે -17 હજારથી વધુને સલામત સ્થળે ખસેડાયા.
4. નેપાળ પૂરમાં મૃત્યુઆંક વધીને 1,282 થયો - હોનારતના 10 દિવસ બાદ ત્રિશુલી હાઇડ્રોપાવર પ્રોજેક્ટ ટનલમાંથી બે લોકોને બચાવાયા.
5. જન્માષ્ટમીની આજે દેશભરમાં ભક્તિ અને ઉત્સાહપૂર્વક ઉજવણી - મંદિર પરિસરો "જય કન્હૈયા લાલ કી" ના નારાઓથી ગુંજી ઉઠયા.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# ISRO

ISROએ આજે વહેલી સવારે શ્રી હરિકોટાથી પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહનું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કર્યું છે . ઈસરોના ચેરમેન વી. નારાયણને જણાવ્યું કે આ મિશન ભારતની પૃથ્વી નિરીક્ષણ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવશે. કૃષિ અને આપત્તિ વ્યવસ્થાપન સહિતના ક્ષેત્રોમાં રાષ્ટ્રને મદદ કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ GSLV-F17 ના સફળ પ્રક્ષેપણ બદલ ISRO ને અભિનંદન પાઠવ્યા. શ્રી મોદીએ કહ્યું કે આ સફળતા ભારતના અવકાશ ક્ષેત્રની શ્રેષ્ઠતા , નવીનતા અને વધતી જતી ક્ષમતાઓને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે ISRO અને ભારતીય ઉદ્યોગ વચ્ચે વધતી ભાગીદારી દેશના અવકાશ કાર્યક્રમને નવી શક્તિ અને વિસ્તરણ આપી રહી છે. પ્રધાનમંત્રીએ આને ISRO માટે એક નોંધપાત્ર સિદ્ધિ અને દેશ માટે ગર્વની ક્ષણ ગણાવી.

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે સફળ પ્રક્ષેપણની પ્રશંસા કરતાં કહ્યું કે EOS-05 એ ભારતનો પહેલો અત્યાધુનિક પૃથ્વી નિરીક્ષણ અને ઇમેજિંગ ઉપગ્રહ છે અને ભારતની અવકાશ ક્ષમતાઓ સતત નવી ઊંચાઈઓ સર કરી રહી છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે GSLV-F17 ના સફળ પ્રક્ષેપણની પ્રશંસા કરતા કહ્યું ISRO અને ભારતીય ઉદ્યોગ વચ્ચે વધતી ભાગીદારી મોટા પાયે નવીનતાને પ્રોત્સાહન આપી રહી છે , સ્વદેશી ક્ષમતાઓને મજબૂત બનાવી રહી છે.

# REV BRICS- CHIEF JUSTICE FORUM

સર્વોચ્ચ અદાલતની યજમાનીમાં  બ્રિક્સ ચીફ જસ્ટિસ ફોરમનો નવી દિલ્હીમાં પ્રારંભ થયો છે

આ ફોરમમાં બ્રિક્સ સભ્ય દેશો અને ભાગીદાર દેશોના મુખ્ય ન્યાયાધીશો , સુપ્રીમ કોર્ટના પ્રમુખો અને વરિષ્ઠ ન્યાયિક પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે

આજે પ્રથમ દિવસે, ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત રશિયા , ચીન, ઇજિપ્ત, ઇન્ડોનેશિયા, યુએઈ, બેલારુસ, કઝાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા , ઈરાન અને ઉઝબેકિસ્તાનના ન્યાયિક પ્રતિનિધિમંડળના વડાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરશે આ બેઠકોમાં પરસ્પર ન્યાયિક હિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે અને ન્યાયિક સહયોગને વધુ મજબૂત બનાવવાનો વિચાર કરવામાં આવશે.

આ ત્રિ દિવસીય ફોરમ- ભાગ લેનારા ન્યાયતંત્રો માટે ન્યાય વિતરણ , આંતરરાષ્ટ્રીય વિવાદ નિરાકરણ , ટેકનોલોજી અને ટકાઉ વિકાસ સંબંધિત વર્તમાન મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એક મંચ પૂરું પડશે અને ન્યાયિક નેતાઓ વચ્ચે વિચારોનું આદાનપ્રદાન સરળ બનાવશે.

# UP FLOOD RELIEF OPERATIONS

ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં પૂરની સ્થિતિ યથાવત છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશનમાં યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. અસરગ્રસ્ત લોકોને સલામત સ્થળે ખસેડવાની સાથે , ખોરાક, રાહત સામગ્રી અને આરોગ્યસંભાળ સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં 17 હજાર 544 લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા છે. હાલમાં , આશરે પાંચ હજાર લોકો પૂર આશ્રયસ્થાનોમાં રહી રહ્યા છે. રાજ્યમાં કુલ 1 હજાર 312 પૂર આશ્રયસ્થાનો સ્થાપિત કરવામાં આવ્યા છે.

ઉત્તર પ્રદેશ પૂર રાહત કમિશનર કાર્યાલય અનુસાર, રાજ્યના 26 જિલ્લાઓ પૂરથી પ્રભાવિત છે. રાહત અને બચાવ તંત્રની સક્રિયતાને કારણે અત્યાર સુધી કોઈ માનવ કે પ્રાણીના જાનહાનિના અહેવાલ નથી. અસરગ્રસ્ત લોકોને 72 હજાર 897 પૂર રાહત કીટ અને 3.67 લાખથી વધુ લંચ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે.

અસરકારક રાહત અને બચાવ કામગીરી સુનિશ્ચિત કરવા , 1 હજાર 634 પૂર ચોકીઓ, 1 હજાર 697 બોટ અને મોટરબોટ અને 1 હજાર 68 તબીબી ટીમો સક્રિય છે.

# NEPAL FLOOD TOLL

નેપાળ- પૂરમાં મૃત્યુઆંક વધીને 1 હજાર 282 થયો છે.

નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર ગઈકાલે સાંજ સુધીમાં 5 હજાર 53 લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે.

દરમિયાન બચાવ કામગીરી દરમિયાન ત્રિશુલી 3 A હાઇડ્રોપાવર પ્રોજેક્ટ ખાતે એક ટનલમાંથી બે લોકોને જીવતા બચાવી લેવામાં આવ્યા છે. ભોટેકોશીમાં અચાનક પૂર આવ્યા પછી તેઓ 10 દિવસથી ટનલમાં ફસાયેલા હતા. બચાવકર્તાઓએ ટનલની અંદરથી અવાજો સાંભળ્યા અને ફસાયેલા લોકો સાથે વાત કરી , જેના કારણે કામગીરી શરૂ થઈ. કટોકટી ટીમોએ અત્યાર સુધીમાં 12 હજારથી વધુ લોકોને બચાવ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GE-AEROSPACE--HAL

અમેરિકાની દિગ્ગજ સંરક્ષણ કંપની GE એરોસ્પેસે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડને F404-IN2-0 એન્જિનનું નવું શિપમેન્ટ પહોંચાડ્યુ છે, જેના કારણે દેશના સ્વદેશી તેજસ MK 1A લડાકુ વિમાન કાર્યક્રમને નોંધપાત્ર પ્રોત્સાહન મળ્યું છે.

એક અહેવાલ..........................

(VC: ARCHANA)

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે મધ્યપ્રદેશમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આજે આસામ, મેઘાલય, બિહાર, રાજસ્થાન, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ઉત્તરાખંડ અને સિક્કિમમાં પણ ભારે વરસાદ, વાવાઝોડા અને વીજળી પડવાની સંભાવના છે. જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં પણ આવી જ સ્થિતિ થઈ  શકે છે.

દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, પંજાબ, પશ્ચિમ બંગાળ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આંધ્ર પ્રદેશ અને કર્ણાટકના કેટલાક ભાગો તથા આંદામાન અને નિકોબાર ટાપુઓ, પશ્ચિમ બંગાળના તરાઈ પ્રદેશ અને તેલંગાણામાં પણ વાવાઝોડા અને વીજળી પડવાની સંભાવના છે.

# MUMBAI BOAT RESCUE

મુંબઈમાં ગેટવે ઓફ ઈન્ડિયા નજીક અરબી સમુદ્રમાં ગઈકાલે રાત્રે એક બોટના એન્જિનમાં ખામી સર્જાતા 38 લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. બોટમાં 34 મુસાફરો અને ચાર ક્રૂ સભ્યો હતા. બોટ દરિયાઈ સફરથી પરત ફરી રહી હતી અને કિનારાથી લગભગ દોઢ માઈલ દૂર એન્જિનમાં ખામી સર્જાઈ હતી.

માહિતી મળતાં, પોલીસે મદદ માટે તે વિસ્તારમાં કાર્યરત બોટનો સંપર્ક કર્યો. બીજી બોટે પહોંચી ખામિગ્રસ્ત બોટને પાછી ખેંચી લીધી.

# ITALY-PM

ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીની સરકારે બીજા વિશ્વયુદ્ધ પછી દેશમાં સૌથી લાંબા સમય સુધી ચાલનારી સરકારનો રેકોર્ડ બનાવ્યો છે.

સાંભળીએ એક અહેવાલ..........................

(VC: CHAHAT)

# JANMASHTMI CELEBRATION

ભગવાન કૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમીની આજે દેશભરમાં ભક્તિ અને ઉત્સાહપૂર્વક ઉજવણી થઈ રહી છે.

મથુરામાં શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનો તહેવાર ખૂબ જ ઉત્સાહ અને ભક્તિ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. સવારથી જ દેશભરમાંથી ભક્તો કૃષ્ણ જન્મભૂમિ મંદિરમાં દર્શન કરવા માટે આવી રહ્યા છે. સવારે મંદિર પરિસરમાં યોજાયેલી મંગળા આરતીમાં હજારો ભક્તોએ ભાગ લીધો હતો. મંગલા આરતી પછી , મંદિર પરિસર ઉત્સવમય બની ગયું અને સમગ્ર કૃષ્ણ જન્મભૂમિ સંકુલ "જય કન્હૈયા લાલ કી" ના નારાઓથી ગુંજી ઉઠ્યું. વહીવટીતંત્રે સુરક્ષા અને સુવિધા માટે વ્યાપક વ્યવસ્થા કરી છે . સમગ્ર ગુજરાતમાં જન્માષ્ટમીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં

આવી રહી છે. દ્વારકાના જગત મંદિર , ડાકોર અને શામળાજી મંદિરો સહિત મુખ્ય કૃષ્ણ મંદિરોમાં ભવ્ય ઉજવણી અને વિશેષ ધાર્મિક વિધિઓ ચાલી રહી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જન્માષ્ટમી નિમિત્તે સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે.

# RAILWAY MEETING- DIRECTIONS

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઇકાલે રેલવે સલામતી સમીક્ષા બેઠક યોજી હતી.

બેઠક દરમિયાન, શ્રી વૈષ્ણવે રેલવે અધિકારીઓને રેલ સલામતી , ટેકનિકલ અને જાળવણી સંબંધિત ખામીઓને દૂર કરવા નિર્દેશ આપ્યો હતો. શ્રી વૈષ્ણવે સિગ્નલિંગ સંબંધિત સમસ્યાઓનું નિરાકરણ લાવવા અને વર્કશોપમાં જાળવણી સ્તર સુધારવા, કોચ જાળવણી પર ખાસ ધ્યાન આપવાનો નિર્દેશ આપ્યો હતો.

# NASHAMUKTBHARAT

નશા મુક્ત ભારત અભિયાનની છઠ્ઠી વર્ષગાંઠ નિમિત્તે આ મહિને રાષ્ટ્રીય નશા મુક્તિ પ્રતિજ્ઞાનું આયોજન કરવામાં આવશે.

સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના સંયુક્ત સચિવ ડૉ. સંદીપ રેવજી રાઠોડે નવી દિલ્હીમાં બે ઉચ્ચ-સ્તરીય સંકલન બેઠકોમાં નશા મુક્ત ભારત અભિયાનના ઉદ્દેશ્યોને અનુરૂપ , રૂબરૂ અને ઓનલાઈન ચેનલો દ્વારા રાષ્ટ્રવ્યાપી પ્રતિજ્ઞામાં લક્ષિત નાગરિકોની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે એક વ્યાપક વ્યૂહરચના પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં ચર્ચા કરાઇ હતી.

# EPFO- SETTLE DAMAGE

કર્મચારીઓના ભવિષ્ય નિધિ સંગઠન ( EPFO) એ 'વિશ્વાસ 2026' પહેલ હેઠળ લાંબા સમયથી પડતર EPF સંબંધિત નુકસાન વિવાદોને નોંધપાત્ર રીતે ઘટાડેલા દરે ઉકેલવા માટે પાત્ર સંસ્થાઓને વિનંતી કરી છે.